# ઈસ્રાયલમાં આહાબનો અમલ

## (ફાધર વર્ગીસ પોલ)

યહૂદા અને ઈસ્રાયલ એમ બે રાજયમાં ઈસ્રાયલની રાજાશાહીનું વિભાજન થયા પછી ઈયાલની ગાદી પર આહાર સાતમા રાજા તરીકે આવે છે. પોતાના પિતા ઓમરી પછી આહાબે ઈસવીસન પૂર્વે 874-853 સુધી બાવીસ વર્ષ રાજ્ય કર્યું. ઈસ્રાયલના ઉત્તર ભાગમાં પોતાના પિતા ઓમરીએ સ્થાપેલા રાજયવંશને મજબૂત કરવામાં અને વિકસાવવામાં આહાબનો નોંધપાત્ર ફાળો છે.

આહાબે દક્ષિણના યહૂદી રાજ્ય સાથે સહઅસ્તિત્વમાં જીવવા તેમજ ફિનિશિયનો સાથે દરિયા ખેડવામાં ભાગીદારી સ્થાપવામાં સફળ રાજનીતિ અપનાવી હતી. વળી આહાબ ઉત્તર પૂર્વનાં દમાસ્કસ અને અરામ રાજ્યોને એમની હદમાં રાખી શક્યો હતો. આમ, આહાબ ઈસ્રાયલના રાજાઓમાં ઉચ્ચ હોદ્દાનો હકદાર બની શકત. પરંતુ પોતાના ધર્મ પ્રત્યેની એની બેદરકારી અને ઢીલાપણાને કારણે ઈસ્રાયલી પ્રજાના ધાર્મિક ઈતિહાસમાં આહાબ પોતાની સિદ્ધિઓ પ્રમાણેનું સ્થાન મેળવી શક્યો નથી.

આહાબના રાજ્યકાળ દરમિયાન પયંગબર એલિયાએ આહાબ સામે બાલદેવની પૂજા કરવા અશેરાદેવીની મૂર્તિ ઊભી કરવા બદલ જાણે રીતસર જાહેર ધર્મયુદ્ધ જ માંડ્યું હતું. પરિણામે આહાબ વિશે બાઈબલ નોંધે છે કે, “આહાબ બિન ઓમરીએ પ્રભુની નજરમાં અયોગ્ય ગણાય એવું આચરણ કર્યું અને પોતાના બધા પૂર્વજો કરતાં પણ તે નાબેતર નીવડયો.”

અધૂરામાં પૂરું. આહાબે નિષ્ઠાથી ઈસ્રાયલી પ્રજાના સાચા પ્રભુને અનુસરવાને બદલે સિદોનના વિધમીર્ રાજા અથબાલની કુંવરી ઈઝબેલ સાથે લગ્ન કર્યું અને પત્ની ઈઝબેલ માટે તેણે રાજધાની શમરૂનમાં જ બાલદેવનું એક મંદિર બંધાવી તેમાં તેને માટે વેદી ચણાવી. આ રીતે બાઈબલ કહે છે તેમ, આહાબે તેની પહેલાંના ઈસ્રાયલના બધા રાજાઓ કરતાં પણ વધુ ઈસ્રાયલના ઈશ્વર પ્રભુનો રોષ વહોરી લીધો.

બાઈબલના સમયમાં દરિયાકિનારે આવેલા તૂર અને સિદોનના સમતલ પ્રદેશમાં (હાલના લેબનોન રાજ્ય) ફિનીશ્યન લોકો રહેતા હતા. તેઓ કુશળ વહાણ ચાલકો અને દરિયામાર્ગના સાહસિક વેપારીઓ હતા. રાજા દાવિદે એમની સાથે સારો સંબંધ રાખ્યો હતો. એટલે તૂરના રાજા હિરામે દાવિદને દેવતરુનું લાકડું અને સુથારો તથા કડિયા મોકલી આપ્યા અને તેણે દાવિદ માટે મહેલ બાંધ્યો હતો. દાવિદ પછી સોલોમને અને આહાબના પિતા ઓમરી પણ ફિનિશ્યાના લોકો સાથે વેપારિક સંબંધ રાખતા હતા. આહાબે આ સંબંધને સિદોનના રાજા અથબાલની કુંવરી ઈઝબેલ સાથે લગ્ન કરીને વધુ સુદઢય કર્યો હતો.

પરંતુ આહાબની વિધમીર્ પત્ની ઈઝબેલ જ આહાબની પડતીનું નિમિત્ત બની હતી. ઈઝબેલ એક ખૂબ પ્રભાવશાળી સ્ત્રી અને રાણી હતી. તે પોતાની સાથે ઈસ્રાયલમાં બાલદેવની પૂજા લાવી અને બાલદેવના ચારસો જેટલા પયગંબરોને પણ નભાવતી હતી. વળી તેણે

રાજધાની શમરૂનમાં બાલદેવ માટે મંદિર પણ બંધાવ્યું હતું. આમ રાણી ઈઝબેલ એક જ પ્રભુ ઈશ્વરની ભક્તિ માટે સમર્પિત થયેલી ઈશ્વરી પ્રજા વચ્ચે ફિનીશ્યાના ધર્મ અને સંસ્કૃતિને ઈસાયલી લોકો ઉપર ઠોકી બેસાડવા લાગી.

આવી બધી બાબતોમાં બાઈબલે આહાબનો સક્રિય ફાળો હોવાનું નોંધ્યું છે. બાઈબલના શબ્દોમાં કહીએ તો, આહાબે “શમરૂનમાં બાલ માટે એક મંદિર બંધાવ્યું. તેમાં તેને માટે વેદી ચણાવી. આહાબે અશેરાદેવીની પણ એક મૂર્તિ ઊભી કરી.”

પરંતુ રાજા આહાબ અને રાણી ઈઝબેલનાં આવાં બધાં કુકર્મોનો સામનો કરે છે ગિલ્યાદમાં આવેલા તિશ્બેના વતની પયગંબર એલિયા. તેને રાજાનો સામનો કરી કહ્યું કે એમના કુકર્મોને કારણે “હવેનાં વર્ષોમાં મારા કહ્યા સિવાય ઝાકળ કે વરસાદ પડવાનાં નથી.” આવી ભવિષ્યવાણી ભાખીને પોતાનું જીવન બચાવવા માટે પયગંબર એલિયા યર્દન નદી પાર કરીને પૂર્વે આવેલા કરીથનાં કોતરમાં ભાગી ગયા.

બે વર્ષ પછી ઈશ્વરની પ્રેરણાથી પયગંબર એલિયા રાજા આહાબને મળવા ગયા. પયગંબરને જોઈને આહાબે કહ્યું, “ઈસાયલને રંજાડનાર તું જ ને ?”

એલિયાએ કહ્યું, “ઈસાયલીને રંજાડનાર હું નથી, તું અને તારું કુટુંબ છેઃ કારણ તમે પ્રભુની આજ્ઞો ત્યાગ કરી બાલની પૂજા કરો છો.”

પછી એલિયાના કહેવાથી આહાબે બધા ઈસાયલીઓને અને બાલના ચારસો પચાસ તેમજ ઈઝરેલનું અન્ન ખાનાર અશેરાદેવીના ચારસો નબીઓને પણ કામેર્લ પર્વત ઉપર એલિયા પયંગબર સમક્ષ ભેગા કર્યા. કામેર્લ પર્વત પર એલિયાએ ઈશ્વર પ્રભુને નામે ખૂબ નાટકીય રીત બાલદેવના બધા દેશી પૂજારીઓનો સામનો કરી ખતમ કરી નાખ્યા અને તેણે ખૂબ નિર્ણાયક રીતે ઈસાયલના એકેશ્વરવાદને પુનઃસ્થાપિત કર્યો. આ પ્રસંગ પછી ઈસાયલમાં ભારે વરસાદ પડયો અને રાજા આહાબ ભારે વરસાદમાં પોતાના રથમાં બેસીને રાજમહેલમાં પરત ગયો.

ઈઝબેલને કામેર્લ પર્વત પરની વાતની જાણ થઈ ત્યારે તેણે કાસદ મોકલીને એલિયાને મારી નાખવાની ધમકી આપી. આ સાંભળીને એલિયા ડરી ગયો અને જીવ લઈને ત્યાંથી નાઠો.

ત્યાર પછી નાબોથના બગાચીવાળા પ્રસંગમાં રાજા આહાબ પર રાણી ઈઝબેલની અનૈતિક અસર અને પ્રભાવ છતાં થાય છે. નાબોથ નામના માણસનો દ્રાક્ષનો બગીચો ઈઝરેલમાં શમરૂનના રાજા આહાબના મહેલની બાજુમાં આવેલો હતો. આહાબને એ બગીચો જોઈતો હતો. પરંતુ નાબોથે પોતાના બાપદાદાથી ઊતરી આવેલી જમીન તરીકે આ દ્રાક્ષની વાડી રાજાને આપવા ચોખ્ખી ના પાડી દીધી.

આ બાબતમાં ગુસ્સે અને ઉદાસ થયેલા આહાબને જોઈને ઈઝબેલે નાબોથના વિરુદ્ધ એક કાવતરું રચ્યું અને નાબોથ ઉપર રાજાને અને ઈશ્વરને શાપ આપ્યાનો ગુનો ચઢાવીને એન ઈંટાળી કરીને મારી નખાવડાવ્યો.

નાબોથ મરી ગયો છે એમ ઈઝબેલ પાસેથી જાણીને આહાબ નાબોથના બગીચાનો કબજો લેવા ગયો. ત્યાં એલિયાએ આહાબને મળીને પ્રભુની વાણી સંભળાવતાં કહ્યું, "તેં તારી વેરીનું ખૂન તો કર્યું જ છે અને હવે તું તેની મિલકત પચાવી પાડે છે? આ પ્રભુનાં વચન છેઃ જ્યાં કૂતરાઓએ નાબોથનું લોહી ચાટયું હતું ત્યાં જ કૂતરાઓ તારું લોહી પણ ચાટશે." પછી એલિયાએ આહાબના સમગ્ર કુટુંબ ઉપર આવીપડનાર આપત્તિઓની પણ ભવિષ્યવાણી ભાખી.

નબીનાં વચનો સાંભળીને આહાબે પશ્ચાતાપથી કપડાં ફાડી નાખ્યાં. શોક-કંથા પહેરી અને અન્નજળનો ત્યાગ કર્યો. તે શોક-કંથા પહેરી સૂઈ જતો અને ચુપચાપ બધે ફરતો.

એવામાં તિશ્બેના એલિઆએ પ્રભુની વાણી સંભળાઈઃ "આહાબ મારી સમક્ષ કેવો નમ્ર બની ગયો છે તે જોયું? તે આમ નમ્ર બન્યો છે. એટલે હું એના જીવતાં એના કુટુંબ ઉપર આફત નહિ ઉતારું, પણ એના દીકરાના વખતમાં ઉતારીશ."

થોડા વખત પછી યહૂદાની ગાદી પર આવેલા રાજા યહોશાફટ આહાબને મળવા શમરૂન આવ્યો. અગાઉ તેણે લગ્ન મારફતે આહાબ સાથે સંબંધ બાંધ્યો હતો. આહાબે યહોશાફાટ અને તેના રસાલાને માટે મોટી મિજબાની ગોઠવીને તેને રામોથ-ગિલ્યાદ ઉપર હુમલો કરવા સમજાવ્યો. યહોશાફાટ આહાબને યુદ્ધમાં સાથ આપવા તૈયાર થયો.

પછી યહોશાફાટની સૂચના મુજબ આહાબે નબી મિખાયને બોલાવીને યુદ્ધ અંગે ભવિષ્ય ભાખવાનું કહ્યું, મિખાયાએ યુદ્ધ અંગે ભવિષ્ય ભાખતાં કહ્યું કે, "મેં બધા ઈસાયલીઓને ભરવાડ વગરનાં ઘેટાંની જેમ પર્વતો ઉપર વેરવિખેર થઈ ગયેલા જોયા છે."

પણ મિખાયાની ખરાબ ભવિષ્યવાણીમાં માન્યતા વિના એને કેદમાં પૂરી દઈને આહાબ યહૂદાના રાજા યહોશાફાટ સાથે રામોથ-ગિલ્યાદ ઉપર ચઢાઈ કરવા ઊપડી ગયા.

આરામના રાજા સામેના યુદ્ધમાં ઈસાયલના રાજા આહાબે વેશપલટો કર્યો અને યહૂદાના રાજા યહોશાફાટને બાદશાહી પોશાક પહેરી રાખવાનું જણાવ્યું. યુદ્ધમાં બાદશાહી પોશાક પહેરેલા યહોશાફાટને ઈસાયલના રાજા સમજીને અરામ રાજાના રથીઓએ એનો પીછો કર્યો. પણ આ ઈસાયલના રાજા નથી એમ ખબર પડતાં જ તેમણે તેનો પીછો કરવો છોડી દીધો.

પણ એક યોદ્ધાએ અમસ્તું જ બાણ છોડયું અને તેણે ઈસાયલના રાજાને બખતરના સાંધા આગળથી વીંધી નાખ્યો. યુદ્ધ વધુ ને વધુ ભીષણ બનતું ગયું. આહાબ ઘવાયેલા હોવા છતાં પોતાના યોદ્ધાઓને નૈતિક હિંમત આપવા માટે સાંજ સુધી અરામીઓ તરફ મોં રાખીને રથમાં ટટ્ટાર બેસી રહ્યો. સુરજ આથમતાં તેણે દેહ છોડયો. યહોશાફાટ સહીસલામત પોતાની રાજધાની યરુશાલેમ પાછો ગયો.

આહાબને શમરૂન લઈ ગયા અને ત્યાં દફનાવ્યો. શમરૂનના તળાવડામાં તેનો રથ ધોવામાં આવ્યો અને કૂતરાં તેનું લોહી ચાટી યાં અને વેશ્યાઓએ તેમાં સ્નાન કર્યું, આમ, પ્રભુની વાણી સાચી પડી.

(છેલ્લે બદલ્યાની તારીખઃ 01-03-2007)

(ફરી બદલવાની તારીકઃ 16-03-2007)

ફાધર વર્ગીસ પોલ (ઝ) કોપીરાઈટ 2007